✍ રજનીકાન્ત યાકુબભાઈ મેકવાન



# સલામ સ્થાપિકાને

બેડવા(આણંદ)ની એક સામાન્ય યુવતીએ પોતાનું શિક્ષણ પૂર્ણ કરી સિસ્ટર વી.જી. મેરીની પ્રેરણાથી સલેસિયન મિશનરિઝ ઓફ મેરી ઈમાક્યુલેટ(એસ.એમ.એમ.આઈ.) સાધ્વીસંઘમાં જોડાઈ અને ૧૯૯૧માં પ્રથમ અને ૧૯૯૭માં આજીવન વ્રત ધારણ કર્યાં. સેવાકાળ દરમિયાન પલોટાઈન સંઘ સંચાલિત 'શાંતિ નિવાસ'-બિલાસપુર (છત્તીસગઢ)માં ત્રણ વર્ષ ફાધર ટૉમી એસ.એ.સી. - સોસાયટી ઓફ કેથોલિક એપાસ્તોલેત સાથે પ્રૈષિતિક કાર્યનો અનુભવ મેળવ્યો. ત્યારબાદ રાબેતા મુજબના સંઘજીવનમાં ૨૮ જૂન, ૨૦૦૧ના રોજ રેલવે મુસાફરી દરમિયાન એક ગમખ્વાર દુઘટનાનો તે ભોગ બની જેને પરિણામે તે અત્યંત ગમગીન બની ગઈ. મોતના મોંમાંથી પાછી ફરેલી આ યુવતીને સર્જરી બાદ દુન્યવી જીવન તો પાછું મળ્યું પણ હીનભાવથી અંતરનું હીર હણાઈ ગયું હતું !

માબાપ મરિયામબેન અને રાયમુન્દભાઈ(હાલ આણંદમાં નિવાસ) તેમજ આધ્યાત્મિક સલાહકારનાં પ્રેરણા અને પ્રોત્સાહનથી તેના જીવનને હવે કળ વળવા લાગી. ક્રૂસે જડાયેલા પ્રભુમાં અડગ શ્રદ્ધા અને વિશ્વાસ, તેમને આ સંજોગોમાં હરાવી ન શક્યા. આ દરમ્યાન તેમના ઉપરી અધિકારીઓએ આધ્યાત્મિક અને શારીરિક સ્વાસ્થ્ય અને આરામ માટે 'શાંતિ નિવાસ' બિલાસપુર રીટ્રીટ સેન્ટરમાં મોકલ્યાં, જ્યાં ક્રૂસ સામે કલાકોના કલાકો બેસી અંગત પ્રાર્થના દરમ્યાન તેમણે એક વિશેષ હાકલનો અનુભવ કર્યો. હાકલમાં હાકલ - A call within call - મળ્યો અને આજે એ જ યુવતી સિસ્ટર ચંદ્રિકા એક સાધ્વીસંઘનાં મધર જનરલ છે.

'સેનેકલ સિસ્ટર્સ ઓફ સેક્રેડ હાર્ટ' - Cenacle Sisters of Sacred Heart - CSSH ભગિનીસંઘની સ્થાપના ૮ સપ્ટેમ્બર, ૨૦૦૨માં બિલાસપુર ખાતે થઈ. આ ભગિનીસંઘનું ઉગમસ્થાન અને મૂળ સંત વિન્સેન્ટ પલોટીની આધ્યાત્મિકતામાં પડેલું છે, જેનું અનુસરણ પલોટાઈન પુરોહિત ફાધર ટૉમી ચૌરાથિલના જીવનકાર્યમાં જોવા મળે છે. મધર ચંદ્રિકા, જેમની તાલીમ અને ઘડતર સલેસિયન મિશનરિઝ ઓફ મેરી ઈમાક્યુલેટ સાધ્વીસંઘમાં થયાં છે, જેમણે પોતાના જ હતાશ જીવનમાં ઈશ્વરની અપાર કરુણાનો અનુભવ કર્યો છે જે મૂળભૂત રીતે અન્યના પરાજિત જીવનમાં આશાનો સંચાર કરવા પ્રેરકબળ બન્યું છે. આમ આધ્યાત્મિકતા અને સ્વાનુભવના સંયોગથી વૈશ્વિક ધર્મસભામાં ઈશ્વરપ્રેરિત પ્રૈષિતિક કાર્યની લ્હાણી માટે ભગિનીસંઘની સ્થાપના કરવામાં આવી છે. મધર ચંદ્રિકા તેનાં સ્થાપિકા અને પલોટાઈન ફાધર ટૉમી તેના સહસ્થાપક છે.

'Burning with love to heal the broken' અર્થાત્ -
'ભાંગી પડેલાંના સાજાંપણા માટે ઉત્સુક હૃદય'
એ સંઘનો મુદ્રાલેખ છે.

સેનેકલ ભગિનીસંઘનાં બહેનો નફરતથી ભાગી પડેલાં હૃદયમાં નવેસરથી ઉત્સાહ જાગૃત કરવા પુરોહિતના સહાયક બનવા માટે વિશેષ કામગીરી કરે છે. પવિત્ર આત્માના અવતરણનું પર્વ તેમજ ઈસુના પૂજ્ય હૃદયનું પર્વ સંઘના અધિકૃત તહેવારો છે, જેની સંઘ દ્વારા ભારે ઉત્સાહથી ઉજવણી કરવામાં આવે છે.

નવા ભગિનીસંઘ (Pious Association) વેટિકનની માન્યતા અને રાયપુરના મહાધર્માધ્યક્ષ જોસફ અગુસ્તિનના આશ્રય(Petron) મળ્યાં પણ સંઘજીવનના આરંભના એ દિવસો ભારે હાડમારી અને તંગીના દિવસો હતા. પહેરેલ કપડે 'શાંતિ નિવાસ' છોડી, મૂડીમાં તેમની પાસે પરમાત્મા પરની અતૂટ શ્રદ્ધા જ હતી તે સિવાય બાકીનું બધું પરમાત્માએ યથા સમયે પૂરું પાડ્યું, જે તેમની શ્રદ્ધાની અગ્નિપરીક્ષા પૂરવાર થઈ. જોકે આણંદ ધર્મ વિભાગના ધર્મજનો તરફથી તેમની શરૂઆતી હાડમારીના સમયે તેમને ઘણું જ પ્રોત્સાહન અને સહકાર આપવામાં આવ્યો હતો.



સત્તર વર્ષના ટૂંકા ગાળામાં સંઘે પ્રસંશાપાત્ર પ્રગતિ કરી છે. તેનું મુખ્યાલય-મધરહાઉસ-બિલાસપુરમાં છે, જ્યાં સ્થાપિકાના સંન્યસ્ત જીવન અને સહસ્થાપકની પુરોહિતદીક્ષાની રજતજયંતી ટાણે ૨૦૧૬માં ભવ્ય દેવાલયનું ઉદ્‌ઘાટન કર્યું છે. છત્તીસગઢમાં જ અન્ય બે સેવાકેન્દ્ર કુટૈલા અને રાયપુર છે, જ્યાં ઉમેદવાર યુવતીઓને તાલીમ આપવામાં આવે છે. છત્તીસગઢ ઉપરાંત ભારતનાં અન્ય રાજ્યો મધ્યપ્રદેશ-ઈન્દોર, દિલ્હી-માયાપુરી, પંજાબ-ચંદીગઢ, કેરલ-ત્રિવેન્દ્રમ્ તેમજ ગુજરાત-ભેસ્તાન(સુરત) ખાતે અને પરદેશમાં પેરુ(દક્ષિણ અમેરિકા) તથા ન્યુજર્સી(અમેરિકા)માં સંઘનાં દસ કેન્દ્રોમાં સાધ્વીબહેનો કાર્યરત છે. હાલમાં આ ભગિનીસંઘમાં ૪૪ વ્રતધારી ધર્મભગિનીઓ, ૧૮ નોવિશિયેટમાં અને ૩૭ ઉમેદવાર યુવતીઓ સંઘનું વર્તમાન અને ભાવિ છે.

‘સેનેકલ આશ્રમ’માં સંન્યસ્તો માટે ૪૦ દિવસની સેનેકલ રીટ્રીટ, એવી વર્ષ દરમિયાન ૬ રીટ્રીટનું સંચાલન થાય છે, જેમાં ભારતભરના ધર્મગુરુઓ, ધર્મબંધુઓ, ધર્મભગિનીઓ અને ધર્માધ્યક્ષશ્રીઓ પણ પધારે છે. એકધારા જીવનથી થાકી ગયેલા કે હારી-નાસીપાસ થયેલા શ્રદ્ધાળુઓને અહીં નવજીવન મળે છે. અનિર્ણિત અવસ્થામાં પધારેલા ઘણા લોકોનાં જીવનમાં નવો પ્રાણ ફૂંકાયો છે. આ સાથે સામાન્ય ધર્મજનો માટે અઠવાડિયાની કે ત્રણ દિવસની ગુજરાતી, હિન્દી કે અંગ્રેજીમાં રીટ્રીટનું સંચાલન કરે છે. આ ઉપરાંત તેઓ ૨૪ કલાક પરમપ્રસાદની આરાધના, મધ્યસ્થ પ્રાર્થના, અનાથ બાળકોની સેવા, પીડિત સ્ત્રીઓ માટે વિશેષ સેવાકાર્ય કરે છે.

આશ્રમમાં કોઈપણ શ્રદ્ધાળુ ધર્મસભા, ખ્રિસ્તના શરીર અને અખિલ સૃષ્ટિ સાથે સહભાગી બની શ્રદ્ધાળુઓ પોતાની જાતનો જિર્ણોધ્ધાર કરી શકે છે. “શહેરમાં દાખલ થઈને તેઓ માળ ઉપર જે ઓરડામાં રહેતા હતા. ત્યાં એ બધા એકમન થઈ સતત પ્રાર્થના કર્યા કરતાં હતાં અને તેમની સાથે ઈસુનાં મા મરિયમ સુદ્ધાં કેટલીક સ્ત્રીઓ અને ઈસુના ભાઈઓ પણ હતાં.” (પ્રેષિતોનાં ચરિતો ૧:૧૩-૧૫) પવિત્ર આત્માના અવતરણ બાદ પણ માતા મારિયા ‘ઉપલી મેડી’ એ રહી ગયાં અને શ્રદ્ધામય સંઘની રચનામાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપતાં રહ્યાં. બસ આજ ઉદાહરણના પગલે સેનેકલ ભગિનીસંઘની બહેનો એકજૂથ બની સતત પ્રાર્થનામાં મંડ્યાં રહે છે અને શ્રદ્ધાસભર ધર્મસભાને સમૃદ્ધ કરે છે. પવિત્ર આત્માના માર્ગદર્શન અને દોરવણીમાં આ સંઘ શ્રદ્ધા અને પ્રેમથી પલ્લવિત સમાજનું નવનિર્માણ કરે છે. ‘શુભસંદેશની ઘોષણા કરવી એ માનવ હોશિયારી પર નિર્ભર નહીં પણ પુનરુત્થાનના સામર્થ્ય પર આધારિત છે’ એ સત્ય ભગિનીસંઘનાં બહેનો સારી રીતે જાણે છે, એટલે સેનેકલમાં નિવાસ કરતાં પરમાત્મા થકી સશક્ત બની ખ્રિસ્તના શરીર-ધર્મસભાને સુગ્રથિત કરવા તેઓ કૃતનિશ્ચયી છે.

‘જેમ તું પિતા, મારામાં વસે છે અને હું તારામાં વસુ છું, તેમ તેઓ પણ આપણામાં વસે...’ (યોહાન ૧૭:૧અ) વચન પ્રમાણે ઈસુમાં એકરૂપ બની, માતા મારિયાની જેમ શિષ્યા બનવાની તેઓની ઉત્તમ કોશિશ રહે છે. પવિત્ર આત્માનો પ્રભાવ, ધર્મસંઘના પ્રારંભના શિષ્યોની જેમ જ શુભસંદેશની ઘોષણા કરવા આજે પણ તેમનામાં ધગશ પૂરે છે. ‘ઈસુના પ્રેમથી પ્રદીપ્ત હૃદયમાં સઘળાંને વિસામો મળે છે’ એ જ પગલે ડગ માંડતાં અદના માનવીને પ્રભુનો પ્રેમ અને અનુકંપાનો અનુભવ કરાવવો તે ભગિનીસંઘની પ્રાથમિકતા રહી છે. સંત વિન્સેન્ટ પલોટી પણ ઈસુના પૂજ્ય હૃદયના પરમ ઉપાસક હતા, એ જ ઉપાસનામાં આગળ ધપતાં પ્રેમામૃતથી તૃપ્ત બની તરસ્યાંને પ્રેમ સિંચન કરવાની જવાબદારી આ બહેનોની છે, તે સુપેરે જાણે છે.

ભારતભરમાંથી સેંકડો લોકો આધ્યાત્મિક શાંતિ મેળવવા, જીવનના નવીનીકરણ માટે અત્રે પધારે છે. આણંદ ધર્મવિભાગનો એક મોટો ચાહકવર્ગ લગભગ દર વર્ષે બિલાસપુર જાય છે અને શાતા-માર્ગદર્શન મેળવે છે. ગુજરાતની દીકરી માત્ર ગરબે જ ઘૂમતી નથી ઈશ્વર પ્રેમથી પ્રજ્જવલિત હૃદયે ભારતભરમાં અને દૂર દેશાવરમાં પણ ભારથી કચડાયેલાંને સાંત્વન આપવા ભગીરથ પ્રયાસ આદરે છે ત્યારે ગુજરાતની ધર્મસભા, સમાજને ગૌરવ થાય જ, ત્યારે સ્થાપિકા મધર જનરલને સલામ કરવી ઘટે. ધન્ય છે સિસ્ટર ચંદ્રિકાને, ધન્ય છે તેમનાં માવતરને! અનેક જાતની શારીરિક, માનસિક, સાંવેગિક, જાતીય, આધ્યાત્મિક માંદગીમાં સબડતા વિશ્વને સેનેકલ ભગિનીસંઘનાં બહેનો સ્વાસ્થ્ય બક્ષે એ જ પ્રાર્થના. ■

સંપર્ક : Email : cenaclesrs892@gmail.com

લેખકશ્રી અમદાવાદ મહાનગરપાલિકામાં આસિ. એન્જિ. તરીકે ફરજ બજાવે છે અને બાઈબલ પરિવાર આણંદના સભ્ય છે. મો. ૯૩૭૭૪૮૨૨૮૬

## શ્રદ્ધાંજલિ

**‘મને શોધશો નહીં હું મારા પ્રભુના ઘેર આવી છું.’**



**સ્વ. સિસ્ટર આનંદી જોસેફ**

**જન્મ: ૦૭-૦૮-૧૯૫૫**

**અવસાન: ૦૯-૦૧-૨૦૨૦**

પરમ કૃપાળુ ઈશ્વરે જ તમને પસંદ કરેલાંને,
આમ અચાનક ઈશ્વરે એમના દરબારમાં તમને બોલાવી લીધાં
એ હજુ સુધી અમારા માનવામાં આવતું નથી.

સમય જિંદગીનો ઓછો હશે તે ક્યાં ખબર હતી,
વિદાય તમારી આટલી અણધારી હશે તે ક્યાં ખબર હતી.
કાલે તમે પાછા આવશો એ વિશ્વાસે અમારી સવાર થતી,
પણ આમ છોડીને ચાલ્યા જશો એવી ક્યાં ખબર હતી.
આપના આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ.

**લિ. અવર લેડી ઑફ પીલાર એન્ડ સંત આન્ના સ્કૂલ**
**તથા સમગ્ર પરિવાર, કલોલ**